
# શ્રી સ્વામિનારાયણ

# બાળ સત્સંગ

## પર્ણ-૨



પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

NARNARAYAN DEV BAL MANDAL



શ્રી નરનારાયણદેવ - કાલુપુર, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરૂ છે.
  તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- ભગવાન શ્રી સ્વામિનારાયણ અને આચાર્ય મહારાજશ્રીએ
  પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશા પાલન કરીશ.
- આ જન્મે જ અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

આ પ્રતિજ્ઞા દરેક બાળકોએ મુખપાઠ કરવી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ
# બાળ સત્સંગ
## પર્ણ-૨

NARNARAYAN DEV BAL MANDAL

**સંસ્કારમય ભવિષ્યનું ઘડતર, નરનારાયણદેવ બાળ મંડળ**
**Cultivating Future With Values**

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

ચિત્રાંકન : પ્રફુલ ખરસાણી

HARIKRISHNA Graphics & Print Pvt. Ltd. 982-5850-559 987-9961-789

# પ્રસ્તાવના

કોઈપણ છોડ નાનો હોય ત્યારે જેમ વાળવામાં આવે તેમ વાળી શકાય છે. કોઈપણ માટીના પાત્રને પાક્યા પહેલા જેવો આકાર આપવો હોય તેવો આપી શકાય છે. મનુષ્યના જીવનનું પણ કંઈક આવું જ છે. નાની ઉંમરમાં બાળકને જેવું વાતાવરણ, સંસ્કાર કે વાંચન આપવામાં આવે તેવું તેનું જીવન ઘડતર થવાની શક્યતાઓ વધી જાય છે. આપણા પરિવારના બાળકોમાં ધર્મ, સમાજ, વ્યવહારનું સંસ્કાર સભર સિંચન થાય તેવા શુભ હેતુથી દરેક મંદિરો-ગામોમાં બાળમંડળની પ્રવૃત્તિઓ ચાલે છે. આ પ્રવૃત્તિમાં આ પુસ્તક ખૂબ ઉપયોગી અને સહાયક નિવડશે. પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી પ્રકાશિત આ પુસ્તક દ્વારા સૌ બાળકો પ્રભુને ઓળખી ખૂબ સારા મનુષ્ય બને અને પછી સારા સત્સંગી બને એવી શુભ આશા સાથે સૌ આ પુસ્તકનો ખૂબ ખૂબ ઉપયોગ કરે એવી શુભકામના.

આ પુસ્તકના લેખન તથા સંશોધન કરી જે પણ સંતો-હરિભક્તોએ આ પુસ્તક આપ સુધી પહોંચાડવા ખૂબ જહેમત ઉઠાવી છે. તે સર્વેનું પણ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સર્વ પ્રકારે શ્રેય કરે તેવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
મહંતશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ


# પુષ્પ - ૧ પ્રાર્થના (નમન હું કરૂ વિશ્વપાળને)

નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને,
અરજ માહરી ઉરમાં ધરો, વિપત્તિ માહરી શ્રી હરિ હરો.
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી,
કઠણ કાળમાં આપ છો ધણી, સુખદ શામળા મુક્તના મણી.
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી,
પ્રણત પાળ છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ.
વિમળ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો,
અધિક ત્રાસને તોડી નાખજો, 'બ્રહ્માનંદ'ને પાસ રાખજો.

- **શા માટે ?** નમન કરતી વખતે બે હાથ જોડીને મસ્તક શા માટે નમાવવામાં આવે છે ?
  હું પ્રભુ તારા ચરણે સમર્પિત છું તેવો ભાવ પ્રગટ કરવા માટે.
- **પ્રવૃત્તિ :** આ પ્રાર્થના મુખપાઠ કરીને ભગવાનને દંડવત કરતી વખતે બોલવી.
- **વિશેષ :** આ સિવાય અન્ય પ્રાર્થના કીર્તનાવલીમાંથી શોધી મુખપાઠ કરવી.

**સ્વાધ્યાય**

- આ પ્રાર્થનાની રચના કોણે કરી છે ?
  (૧) મુક્તાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી
  (૩) દેવાનંદ સ્વામી (૪) પ્રેમાનંદ સ્વામી
- ભક્તિબાળ શબ્દનો પ્રયોગ કોને ઉદેશીને કરેલો છે ?
  (૧) ધર્મકુળ (૨) રામપ્રતાપભાઈ
  (૩) શ્રીજી મહારાજ (૪) ઈચ્છારામભાઈ
- બ્રહ્માનંદ સ્વામી કોને પ્રાર્થના કરે છે ?
  (૧) શંકરભાગવાન (૨) વિષ્ણુભગવાન
  (૩) હનુમાનજી (૪) શ્રીજી મહારાજ
- બ્રહ્માનંદ સ્વામી પ્રભુને ક્યાં નિવાસ કરવાનું કહે છે ?
  (૧) બુદ્ધિમાં (૨) મૂર્તિમાં (૩) પ્રકાશમાં (૪) હૃદયમાં
- ઉપરોક્ત પ્રાર્થનામાં બ્રહ્માનંદ સ્વામી ક્યાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરે છે ?
  (૧) મંદિરમાં (૨) જંગલમાં (૩) સાધુ પાસે (૪) પ્રભુ પાસે



# પુષ્પ - ૨ થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કરચરણ કરો ત્યારી... જમો૦ ટેક
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી... જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ધૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી... જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફુલવડી, દૂધપાક માલપુવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી... જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી... જમો૦ ૪
ચળું કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી,
પાનબીડી બનાવી સારી... જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને... જમો૦ ૬

**સ્વાધ્યાય**

- આ થાળની રચના કોને કરી છે ?
  (૧) બ્રહ્માનંદ સ્વામી (૨) ભૂમાનંદ સ્વામી (૩) પ્રેમાનંદ સ્વામી (૪) મુક્તાનંદ સ્વામી
- સ્વામી શ્રીજી મહારાજને કેવી થાળીમાં જમવાનું કહે છે ?
  (૧) પિત્તળની (૨) સોનાની(૩) ચાંદીની (૪) લાકડાની
- પાન બીડી એટલે શું ?
  (૧) તમાકુવાળું પાન (૨) પાન અને બીડી (૩) પાનનું બીડું (૪) ઠંડુ કરેલું પાન
- સ્વામી શેની પ્રસાદી માંગે છે ?
  (૧) મુખવાસની (૨) પાનની (૩) થાળની (૪) પાણીની
- સ્વામી શ્રીજી મહારાજને શેના ઉપર બેસાડીને થાળ જમાડે છે ?
  (૧) પાથરણું (૨) ગરમ આસન (૩) ડાઈનીંગ ટેબલ (૪) બાજોઠ

- **શા માટે ?** ભગવાનને થાળ શા માટે ધરાવવામાં આવે છે ?
  ભગવાનને થાળ ધરાવીને પ્રસાદરૂપ ભોજન જમવાથી મન-બુધ્ધિ શુધ્ધ થાય છે.
- **પ્રવૃત્તિ :** પોતાને ભાવતી વસ્તુ ભગવાનને ધરાવીને તેનો પ્રસાદ બાળમંડળમાં વહેંચવો
- **વિશેષ :** આ સિવાય અન્ય થાળ મુખપાઠ કરવો.

## પુષ્પ - ૩ કીર્તન તારી મૂરતિ લાગે છે મને પ્યારી



તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે શ્રી ઘનશ્યામ હરિ
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રી ઘનશ્યામ હરિ ૧
ઉંડી નાભિ છે ગોળ ગંભીર રે ...શ્રી ઘનશ્યામ હરિ
રૂડા લાગો છે શ્યામ શરીર રે ... શ્રી ઘનશ્યામ હરિ ૨
તારી છાતી ઉપડતી શ્યામ શરીર રે..શ્રી ઘનશ્યામ હરિ
છે જો લક્ષ્મી કેરું ધામ રે ...શ્રી ઘનશ્યામ હરિ ૩
તારા મુખની શોભા જોઈ રે...શ્રી ઘનશ્યામ હરિ
રાખું અંતરમાં પ્રોઈ રે..શ્રી ઘનશ્યામ હરિ ૪
તારાં નેણાં કમળપર વારી રે...શ્રી ઘનશ્યામ હરિ
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી ઘનશ્યામ હરિ ૫

- **શા માટે ?** ભગવાનની મૂર્તિના કીર્તનો શા માટે રચવામાં આવે છે ?
  કીર્તનો દ્વારા મૂર્તિ હ્યદયમાં ઉતરી જાય છે માટે
- **પ્રવૃત્તિ :** કીર્તન મુખપાઠ કરવું.
- **વિશેષ :** મંજુકેશાનંદ સ્વામી રચિત અન્ય કીર્તન મુખપાઠ કરી બાળમંડળમાં ગવરાવવું.

# પુષ્પ - ૪ મંદિર

મંદિર એટલે ભગવાનનું ઘર જેમાં ભક્તો ભગવાનની મૂર્તિ પધરાવીને સેવા પૂજા કરે છે.

જે મંદિરમાં મૂર્તિ ધાતુની, આરસની કે કાષ્ઠની હોય તેને શિખરબંધ મંદિર કહે છે અને તેની છત ઉપર શિખરનો આકાર હોય છે તેમજ અંદર ઘુંમટમાં ભગવાન અને ભક્તોના ચરિત્ર ચિત્રો દોરેલા હોય છે.

જે મંદિરમાં પટ્ટ મૂર્તિ હોય તેને હરિ મંદિર કહે છે તેની છત ઉપર શિખર હોય કે ના પણ હોય.


મંદિરમાં મૂર્તિ પધરાવીને તેમાં ભગવાનનો પ્રાણ પૂરવા માટે બ્રાહ્મણ દ્વારા વિધિ કરવામાં આવે છે. જેને પ્રાણ પ્રતિષ્ઠા કહે છે અને તેને ભોગ એટલે કે અન્નકૂટ  ધરાવીને આરતી ઉતારવામાં આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ પ્રથમ આરતી વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી દ્વારા ઉતારવામાં આવે છે. આવી મૂર્તિમાં ભગવાન કાયમી નિવાસ કરીને રહે છે અને ભક્તોની સેવા પૂજા અંગીકાર કરીને તેમના મનોરથો પૂર્ણ કરે છે.

પ્રાણ પ્રતિષ્ઠાના દિવસને દર વર્ષ પાટોત્સવ તરીકે ઉજવવામાં આવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું આગવું સ્થાન છે અને વિશેષ આદર આપવામાં આવે છે. જેના ભાગરૂપે તેના માટે મંદિરમાં દર્શન માટે અલગ વ્યવસ્થા હોય છે. ઉપરાંત તેમના અલગ મંદિરો પણ હોય છે જે બહેનોના મંદિરો તરીકે ઓળખાય છે. તેમાં પુરૂષોને પ્રવેશ મળી શકતો નથી જેથી બહેનો પોતાની રીતે સેવા પૂજા અને ભજન-કીર્તન કરી શકે.

સામાન્ય રીતે હરિમંદિરોમાં સવારે અને સાંજે બે વખત આરતી થાય છે. જ્યારે શિખરબંધ મંદિરોમાં પાંચ વખત આરતી થાય છે.

વહેલી સવારની આરતીને મંગળા આરતી કહે છે ત્યારબાદ ભગવાનને વસ્ત્ર અલંકાર ધરાવીને આરતી



કરવામાં આવે છે તેને શણગાર આરતી કહે છે ત્યારબાદ બપોરે ભોજન (ભોગ) ધરાવવામાં આવે છે પછીની આરતીને રોજભોગ આરતી કહે છે ત્યારબાદ સંધ્યાકાળે આરતી કરવામાં આવે છે તેને સંધ્યા આરતી કહે છે અને રાત્રે ભગવાનને પોઢાડતા પહેલા આરતી કરવામાં આવે છે તેને શયન આરતી કહે છે.

દર્શનાર્થીઓ ભગવાન માટે વિવિધ ભેટ જેવી કે ફળ, ફુલ, વસ્ત્ર વગેરે લાવે છે. કેટલાંક રોકડ રૂપે દાન પેટીમાં નાખે છે અને ભગવાનનો રાજીપો મેળવે છે.

સામાન્ય દિવસોમાં ભગવાનના ભક્તો સમગ્ર દિવસ દરમિયાન કથા-વાર્તા, કીર્તન, ધૂન-ભજન કરીને વાતાવરણ દિવ્ય બનાવે છે. પરંતુ એકાદશી આદિક દિનમાં રાત્રી જાગરણ કરીને વાતાવરણને વધારે દિવ્ય અને ભક્તિમય બનાવે છે.

ઉપરાંત ભગવાનના અવતારોના જન્મ દિવસ જેમ કે જન્માષ્ટમી, રામનવમી વગેરેના ઉત્સવો ઉજવે છે અને મંદિરમાં ભારે ભીડ વચ્ચે પણ ભક્તો દર્શનનો અચૂક લાભ લે છે. આવા પ્રસંગોએ મંદિરમાં વ્યવસ્થાપકો દ્વારા બ્લડ ડોનેશન, મેડિકલ કેમ્પ યોજીને સમાજ સેવાનું કાર્ય પણ કરે છે. સાથે સાથે કથા પારાયણ અને રાત્રી કાર્યક્રમો યોજવામાં આવે છે. જેથી ભક્તોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવી તમામ ધાર્મિક અને સામાજિક સેવાની પ્રવૃત્તિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી જ કરવામાં આવે છે. જેમાં સૌ ભક્તો તન, મન, ધનથી પોતાનો ફાળો આપે છે. આવાં ભક્તોનાં કુટુંબો સુખ, શાંતિ અને સમૃધ્ધિથી છલકાય છે. જે સમાજને ઉદાહરણરૂપ બને છે તેમજ આવાં ભક્તોને સૌ સન્માનની દ્રષ્ટિએ જુએ છે તેમજ તેની વાતનો સૌ કોઈ વિશ્વાસ કરે છે.

**સ્વાધ્યાય**

- જે મંદિરમાં મૂર્તિ ધાતુ, આરસ કે કાષ્ટની હોય તેને કેવું મંદિર કહે છે ?
  (૧) હરિમંદિર (૨) મુખ્ય મંદિર
  (૩) મન મંદિર (૪) શિખર બંધ મંદિર
- સ્વામિનારાયણ મંદિરમાં 'પ્રાણપ્રતિષ્ઠા' પછી પ્રથમઆરતી કોણ ઉતારે છે ?
  (૧) યજમાન (૨) બ્રાહ્મણ (૩) આચાર્ય મહારાજશ્રી (૪) મહંતસ્વામી
- પ્રાણપ્રતિષ્ઠાના દિવસને દર વર્ષે કયા નામથી ઉજવવામાં આવે છે ?
  (૧) ફૂલ દોલોત્સવ (૨) જન્મોત્સવ
  (૩) પાટોત્સવ (૪) મહોત્સવ
- સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનો માટે અલગ મંદિરોની વ્યવસ્થા શા માટે છે ?
  (૧) ભીડ ન થાય એટલે (૨) ઘોંઘાટ ના થાય
  (૩) ભેદભાવ હોવાથી
  (૪) બહેનો પોતાની રીતે અલગથી સેવા-પૂજા, કિર્તન-ભક્તિ કરી શકે તે માટે.
- સ્વામિનારાયણ મંદિરોમાં ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ કોની આજ્ઞાથી થાય છે ?
  (૧) મહંત સ્વામી (૨) મંદિરના પૂજારી
  (૩) ટ્રસ્ટીઓ (૪) આચાર્ય મહારાજશ્રી

**શા માટે ?** મંદિરો શા માટે બનાવવામાં આવે છે ?

મંદિરો દ્વારા આપણો ભગવાન સાથેનો સંબંધ વધુ દ્રઢ થાય છે.

**પ્રવૃત્તિ :** દરરોજ સંધ્યા સમયે મંદિરે જવું.


**વિશેષ :** તમારા વિસ્તારમાં આવેલાં વિવિધ મંદિરોની મુલાકાત લઈ તેની માહિતી બાળમંડળમાં રજૂ કરવી.

# પુષ્પ - ૫ આદર્શ દિનચર્યા

આપણા ઋષિમુનિઓએ તેમજ તમામ ધર્મ સંપ્રદાયોના સદ્ગ્રંથોમાં પ્રાતઃસમયને જ મહત્ત્વ આપ્યું છે.
એટલું જ નહીં પણ આપણા આરોગ્યાચાર્યોએ આરોગ્ય માટે પણ સવારના સમયને અનુમોદન આપેલું છે.
"રાતે વહેલા સૂએ, વહેલા ઉઠે વીર, બળબુધ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર."
નિરોગી માણસે પોતાના આરોગ્યના રક્ષણ માટે, દીર્ધાયુ માટે ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠવું જોઈએ.
માટે મિત્રો સર્વપ્રકારના સુખો મેળવવા માટે સવારે વહેલા ઉઠવું.
ઉઠીને તુરંત જ આંખો બંધ કરી ઈશ્વરને યાદ કરો.
જમણા હાથની હથેળીના દર્શન કરતા કરતા આ શ્લોક બોલો.
"કરાગ્રે વસતિ લક્ષ્મી : કરમૂલે સરસ્વતી । કર મધ્યે તુ ગોવિંદ : પ્રભાતે કર દર્શનમ્ ॥
પ્રભુને પ્રાર્થના કરો અને પ્રભુ પાસે દુઃખ મુક્તિ, શક્તિ, માર્ગદર્શન ને કૃપા એમ બધુ માંગો પણ અંતિમ નિર્ણય પ્રભુ પર છોડો.
પછી રાતે તાંબાના વાસણમાં ગાળીને ઢાંકીને ચોખ્ખુ રાખેલું પાણી કમ સેકમ ૧ મોટો ગ્લાસ પીઓ.
પછી પોતાની પથારી સંકેલી પછી એક સ્થાનમા રહી મુખશુધ્ધિ કરવી (દાતણ અથવા બ્રશથી) હરતા-ફરતા મુખશુદ્ધિ (દાતણ-બ્રશ) કરવું નહીં.
ત્યારબાદ સ્નાન માટે જવું. શુધ્ધ જળથી માથુ પલાળીને ગંગા-યમુના-ગોદાવરી, તાપી-નર્મદા નદીઓના સ્મરણ સાથે સ્નાન કરવું.
નાહ્યા બાદ ધોયેલા વસ્ત્રો ધારણ કરવા.
કપાળમાં કુમકુમનો ચાંદલો અને ગોપીચંદનનું તિલક કરવાનું ભૂલશો નહીં.
ચાંદલો લક્ષ્મીજીનું અને તિલક આપણા ઈષ્ટદેવની સાક્ષી પુરે છે.
ભગવાનની માનસી સહિત પૂજા કરવી, ત્યારબાદ
ઘરમાં દાદા-દાદી, માતા-પિતા કે ભાઈ-ભાભી જે આપણાથી મોટા હોય તેમના ચરણ સ્પર્શ કરવા.
વડીલોના આશીર્વાદ ઘણું કામ કરતા હોય છે.
ત્યારબાદ મમ્મીએ બનાવેલો નાસ્તો કરવો.
સુંદર મજાનું ૧ ગ્લાસ દુધ પીવું.
ટ્યુશન કે સ્કૂલના સમયને વાર હોય તો જે યાદ કરવાનું હોય
તેના વાંચન માટે સવારનો સમય ઉત્તમ ગણાય છે.
ઘરના જે સભ્યો હાજર હોય તેમને જય સ્વામિનારાયણ કહો
પછી પોતાના કામે લાગો.
હંમેશા કોમળ જીવન જીવો.
અસભ્ય બોલશો નહીં. કોઈને ચિડવશો નહીં.
વૃક્ષ, પાણી અને હવા ચોખ્ખી રાખતા શીખો, તેના પ્રત્યે પ્રેમકેળવો.
કોઈપણ પ્રકારના વ્યસનને ક્યારેય પણ જીવનમાં સ્થાન આપશો નહીં.
સ્કૂલની અંદર ચાલુ પિરીયડે ભણવામાં, સમજવામાં એકાગ્રતા પૂર્વક ધ્યાન આપો.




ન સમજાય તો પ્રશ્ન પૂછો, યાદ રાખવાની કોશિશ કરો.
સ્કૂલના નાસ્તાના ડબ્બામાં કઠોળ, ફળો કે ઘરના નાસ્તાનોજ આગ્રહ રાખવો.
બજારના તૈયાર નાસ્તા કરવા નહિ.
સારા અને સુંદર અક્ષરે નિયમિત હોમવર્ક કરવું.
હરવું-ફરવું, રમત રમવી તેના માટે પણ સમય ફાળવો.
જેથી શારિરીક અને માનસિક વિકાસ સાધી શકાય.
સારી વાર્તાની ચોપડીઓ-વર્તમાન પત્રો વાંચવાનો આગ્રહ રાખવો.
ક્યારેય અપશબ્દ (ગાળ) બોલવા નહીં.
ચિડિયો સ્વભાવ રાખવો નહીં-આનંદિત રહો.
રાત્રે મોડી રાત સુધી ભણવું નહીં. શક્ય હોય તો ખુલ્લામાં સૂવું.
ઈશ્વર સ્મરણ સાથે સૂવાથી સારા વિચારો ને સારા સ્વપ્નો આવે છે.
આમ ઉત્તમ દિનચર્યા એ જીવનમાં આગળ વધવાની ચાવી છે.
ટીવીના માધ્યમથી મન ઉપર ખરાબ અસર પહોંચે છે.તેથી બને તેટલું ઓછુ જોવું
ગાંધીજી, વિવેકાનંદ, સરદાર પટેલ જેવી મહાન વ્યક્તિની આત્મકથાઓ વાંચવી.
જ્યાંથી મળે ત્યાંથી સદ્‌ગુણ-સારીટેવો લેવાનો આગ્રહ રાખવો.
જીવનમાં પ્રમાણિકતા-દયા-સેવા-સહકાર-પરમાર્થ-જેવા ગુણો લાવવા કોશિશ કરવી.




**સ્વાધ્યાય**

- શિક્ષાપત્રી અનુસાર સવારે કયા સમયે ઉઠવું જોઈએ ?
  (૧) અનૂકુળતા મુજબ (૨) સૂર્યોદય સમયે (૩) સૂર્યોદય પહેલાં (૪) સૂર્યોદય પછી
- બ્રહ્મમૂહુર્ત એટલે શું ?
  (૧) સંધ્યા સમય (૨) મોડીરાત્રીનો સમય
  (૩) વહેલી સવાર (૪) બ્રાહ્મણે આપેલું મૂહુર્ત
- પૂજાવિધિ પૂરી કરીને પછી કોને પગે લાગવું જોઈએ ?
  (૧) બ્રાહ્મણને (૨) ગુરૂને (૩) પિતૃને (૪) ઘરનાં વડીલોને
- કઈ બાબત જીવનમાં ક્યારેય પણ ન કરવી જોઈએ ?
  (૧) અલ્પાહાર (૨) વ્યસન (૩) ફેશન (૪) ઔષધનો ઉપયોગ
- રાત્રે સૂતી વખતે કોનું સ્મરણ કરવું જોઈએ ?

- **શા માટે ?** માતા પિતા વડીલોને શા માટે દરરોજ પગે લાગવું જોઈએ ?
  કારણકે પગે લાગવાથી આપણને આશીર્વાદ પ્રાપ્ત થાય છે
  તે ગમે તેવી મુશ્કેલીમાંથી આપણને ઉગારે છે.
- **પ્રવૃત્તિ :** તમારી પોતાની દિનચર્યા લખીને
  બાળમંડળનાં સંચાલક પાસે જમા કરાવો.
- **વિશેષ :** તમારા ઘરનાં તમામ સભ્યોની દિનચર્યા
  લખીને બાળમંડળનાં સંચાલકને બતાવો.





# પુષ્પ - ૬ મલ્લ સાથે કુસ્તી

ઘનશ્યામ બાળ મિત્રો સાથે અવારનવાર સરીયુ નદીને કાંઠે રામઘાટ પર રમવા જતા.

અંદરો અંદર કુસ્તી કરતા રમતા.

આમ રમતા હતા ત્યારે દેશ દેશાવર ફરતા કેટલાક મલ્લો ત્યાં આવી ચઢ્યા.

તેઓએ ઘનશ્યામઅને તેમના મિત્રો સાથે કુસ્તી કરી અને તેઓ બાળકોથી હારી ગયા.

આ વાત અયોધ્યા નગરીમાં ફેલાઈ ગઈ.

અયોધ્યાના મલ્લો ભીમસંગ, માનસંગ અને દિલ્લીસંગને સુરાતન ચડ્યું.

તેમણે ઘનશ્યામને કુસ્તી માટે લલકાર્યા.

ધર્મદેવના આંગણામાં આંબલીનું ઝાડ હતું.

કુસ્તી માટે તેઓ ત્યાં ભેગા થયા.

એ કુસ્તી જોવા રાજા અને નગરજનો ટોળે વળ્યા.

ઘનશ્યામે માતાપિતાને પગે લાગી આશીર્વાદ લીધા.

સૌ પ્રથમ ભીમસંગ સામે આવ્યો.

તેનાં પગમાં લોખંડની સાંકળો હતી.

તેણે ટોળાને કહ્યું, 'લો તમે ભેગા મળી આ સાંકળ ખેંચી જુઓ! મને ખેંચી પાડો.''

ટોળાએ સાંકળ ખેંચી પણ ન ખેંચાઈ!

એથી ભીમસંગને અભિમાન થયું.
તેણે ઘનશ્યામને કહ્યું, “જોઇ મારી તાકાત !” હિંમત હોય તો ખેંચ સાંકળને બતાવ તારી શક્તિ !
ભીમસંગ તો મોટો મલ્લ અને ઘનશ્યામ તો બાળક ! હવે શું થશે ? ઘનશ્યામશું કરશે !
એમવિચારતા રાજા અને બધા જોઈ રહ્યા.
ઘનશ્યામ તો સાંકળ પાસે આવ્યા.
એમના ચહેરા પરનું તેજ જોઇ ભીમસંગ મનમાં ડરી ગયો. પણ તેમણે બતાવ્યું નહીં.
ઘનશ્યામે ડાબા હાથે સાંકળ ખેંચી. તેના અગિયાર ટૂકડા થઇ ગયા.
ભીમસંગ નીચે પટકાયો ને મોં લોહીલુહાણ થઈ ગયું !
રાજા અને લોકો તેની આ દશા જોઇ હસી પડ્યા !
ભીમસંગની આબરૂ ગઇ, તે રઘવાયો બન્યો.
દિલ્લીસંગ પાસેથી બીજી સાંકળ લઇ તેણે ઘનશ્યામ તરફ ફેંકી અને કહ્યું
“લે છોકરા, આ સાંકળ બાંધ તારા પગે, તે ખેંચીને તને ધૂળ ચાટતો કરી દઇશ. બહુ જોર છે ને તારામાં ?
ઘનશ્યામે તે સાંકળ પોતાના પગે બાંધી.
ભીમસંગે તે સાંકળ પકડી કહ્યું, ‘જુઓ, હું આને સરયુ નદીમાં ફંગોળી દઉં છું”.
એમ કહી ભીમસંગે સાંકળ ખેંચી પણ ઘનશ્યામ તસુ ભાર પણ હાલ્યા નહીં.
તેથી ભીમસંગ વધારે ગુસ્સે ભરાયો. તેણે જોર કરી ફરી સાંકળ ખેંચી.
તે તૂટી ગઇને ભીમસંગ પોતે જ દૂર ફંગોળાયો.
આંબલીના ઝાડ સાથે અથડાયો અને તેનાં હાડકા ખોખરા થઇ ગયા !
રાજા અને નગરજનો તેની આ ભૂંડી દશા પર હસી પડ્યા. લોકોએ ઘનશ્યામનો જયજયકાર કર્યો.
રાજાએ ઘનશ્યામને ચંદન-પુષ્પોથી વધાવ્યા અને કિંમતી વસ્ત્રો ભેટમાં આપ્યા.
ભીમસંગનો ગર્વ ઉતરી ગયો. ઘનશ્યામનાં પગમાં પડ્યો.



**સત્સંગ સિંચન**


- આપણા ઈષ્ટદેવ કોણ છે ?
  (૧) રામાનંદ સ્વામી (૨) શંકર ભગવાન (૩) હનુમાનજી (૪) સ્વામિનારાયણ ભગવાન
- સ્વામિનારાયણ ભગવાનનાં નાના ભાઈનું નામ જણાવો ?
  (૧) ઈચ્છારામ (૨) રામપ્રતાપભાઈ (૩) રઘુવીરજી (૪) બળદેવજી
- આપણો સંપ્રદાય કયો છે ?
  (૧) વૈષ્ણવ (૨) ઉધ્ધવ (૩) રામાનંદી (૪) સતકેવલ
- ઉધ્ધવ સંપ્રદાય હાલ કયા નામે પ્રસિધ્ધ છે ?
  (૧) વેદાંતી (૨) સ્વામિનારાયણ (૩) શૈવ (૪) વૈષ્ણવ
- રામાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
  (૧) અયોધ્યા (૨) લોજ (૩) માંગરોળ (૪) ફરેણી

(૧) ઘનશ્યામ મિત્રો સાથે અવારનવાર કઈ નદીને કાંઠે રમવા જતાં હતા ?
(૨) અયોધ્યાના કયા મલ્લોને ઘનશ્યામ સાથે કુસ્તી કરવાનું સુરાતન ચડ્યું ?
(૩) ભીમસંગના પગે બાંધેલી સાંકળને ઘનશ્યામે ખેંચવાથી તેના કેટલા ટૂકડા થયા હતા ?
(૪) મલ્લ અને ઘનશ્યામ વચ્ચેની કુસ્તીમાં છેવટે કોનો વિજય થયો ?
(૫) ઘનશ્યામે અયોધ્યાના મલ્લો સાથે કુસ્તી કરવાની કેમ હા પાડી ?

**શા માટે ?** બાળકોએ રમતગમત શા માટે રમવી જોઈએ ?
રમત - ગમત દ્વારા શરીર- મન સ્વસ્થ રહે છે અને સહયોગ - સંપની ભાવના કેળવાય છે.
**પ્રવૃત્તિ :** બાળકોને રમવાની જુદી જુદી રમતોની યાદી બનાવો.
**વિશેષ :** મોબાઈલ કે કોમ્પ્યુટરમાં ગેઈમ રમવાને બદલે મેદાનમાં રમતોમાં રસ લેવાનો આગ્રહ રાખવાનું શીખવવું



# રંગ પૂરો




**બાળ દોસ્તો ચિત્ર છે શ્રીજી મહારાજના લીલા ચરિત્રનું તેમાં તમને મનગમતા કલર પૂરી તમારા માતા પિતા, શિક્ષક કે સ્વામીને બતાવો.**

# પુષ્પ - ૭ મીઠાઇની લીલા

અયોધ્યા નગરીમાં બનેલી આ વાત છે.
સુવાસિની ભાભી રસોઇ કરવા ઉઠ્યાં.
તેમણે તેમની અંગુઠી (વિંટી) ઉતારી બાજોઠ પર મુકી.
ઘનશ્યામ એ અંગુઠી જોઇ ગયા.
એમણે એ લીધી અને પહોંચ્યા ઉમરાવ હલવાઇની દુકાને.
કહ્યું, ''આની મીઠાઇ આપો''
હલવાઇએ અંગુઠી લીધી અને એક કિલો જેટલી બરફી આપી.
ઘનશ્યામને થયું આ હલવાઇ છેતરે છે.
એટલે તેમને કહ્યું, ના એમ નહીં આ અંગુઠી કિંમતી છે.
એટલે બદલામાં મારે ખાવી હોય તેટલી મીઠાઇ ખાવા દો.
હલવાઇને એમ કે આ છોકરૂ વળી ખાઇ ખાઇને કેટલી મીઠાઇ ખાવાનું અને આ અંગુઠી કિંમતી છે કે કેમ!
તે માટે તેણે પોતાની પત્નીને બતાવી.
પત્નીએ અંગુઠી જોઇ તેને કિંમતી લાગી.
તેમણે ઘનશ્યામને દુકાનમાં બોલાવી કહ્યું, ''આવો ઘનશ્યામ તમારે ખાવી હોય તેટલી મીઠાઇ ખાવ બસ!
ઘનશ્યામ દુકાનમાં મીઠાઇ ખાવા બેઠા.
મીઠાઇની એક પછી એક ચોકીઓ ખાલી થતી ગઇ.
ઘનશ્યાને આ મીઠાઇ ખાતા જોવા લોકો એકઠા થઇ ગયા.
જોતજોતામાં દુકાનની બધી મીઠાઇ જમી ગયા અને બીજી મીઠાઇ માંગી.
હલવાઇએ વચન આપેલું એટલે શું થાય ?






તેને તેમની બીજી દુકાનેથી મીઠાઇ મંગાવી આપી.
પણ થોડીકવારમાં તો એ પણ સાફ અને ઘનશ્યામતો હજુ ભૂખ્યાને ભૂખ્યા જ. હવે !
હવે બીજી મીઠાઇ લાવવી ક્યાંથી ?
ગામમાં ક્યાંય હવે મીઠાઇ બચી નહોતી.
પત્ની બોલી, "સાંભળો છો ? આ ઘી ભરેલું કુલડું આપો એટલે પતે !"
ઘનશ્યામે તો એ પણ ખલાસ કર્યું ! હવે ?
ઉમરાવ હલવાઇ તો ગભરાઇ ગયો.
અને અંતે ઘનશ્યામના પગે પડી બોલ્યો, હે ઘનશ્યામ તમે તો સાક્ષાત રામચંદ્રજી જ છો મારા પર દયા કરો.
ઘનશ્યામે કહ્યું, "બસ ત્યારે હવે મારે કાંઇના જોઇએ" પછી ઘનશ્યામ ઘરે પહોંચ્યા.
સુવાસિની ભાભીએ પૂછ્યું, "ઘનશ્યામ તમે મારી અંગુઠી જોઇ છે ?
ઘનશ્યામે ઠાવકાઇથી કહ્યું, ના, તમે જ ક્યાંક મુકી હશે ને ભૂલી ગયા હશો ઘરમાં જુઓને મળી જશે.

સુવાસિની ભાભીએ કહ્યું, “આ તો છપૈયામાં તમે મારી વાળી ઉઠાવી હતીને...એટલે પૂછ્યું”.
ઈચ્છારામ આ વાત સાંભળતા હતા.
તે તરત બોલી ઉઠ્યા, “હા, ઘનશ્યામે જ લીધી છે મેં તેમને લેતા જોયા હતા”.
પછી ઘનશ્યામ હસી પડ્યા.
અને અંગુઠીની બધી જ વાત કરી.
ધર્મદેવ સાથે બધા હલવાઈને ત્યાં ગયા અને અંગુઠી માગી.
હલવાઈએ ઘનશ્યામને કહ્યું, અરે, બદલામાં મારી બધી મીઠાઈ તો તમે ખાઈ ગયા.
હવે શાની અંગુઠી ને શાની વાત ?
ઘનશ્યામ બોલ્યા જાવ...જાવ....અમારાથી એટલી બધી મીઠાઈ કાંઈ ખવાતી હશે.
જુઓ બધી મીઠાઈ દુકાનમાં જ છે.
હલવાઈએ દુકાનમાં જોયું.
બધી મીઠાઈ એમની એમજ હતી.
પેલું ઘીનું કુંડલુ પણ એમજ ભરેલું હતું.
હલવાઈ તો આંખો પહોળી કરી જોઈ જ રહ્યો.
તેણે ઘનશ્યામને બે હાથ જોડી વંદન કર્યા અને અંગુઠી પાછી આપી.
ધર્મદેવ અને ગામલોકો આભા બની જોઈ રહ્યા અને મનોમન ઘનશ્યામને વંદન કરવા લાગ્યા.

સારાંશ : ઘનશ્યામે આ લીલા હલવાઈનો લોભ અને
સુવાસિની ભાભીનું અંગુઠી પરનું હેત દૂર કરવા જ કરેલી છે.



**સ્વાધ્યાય**

(૧) મીઠાઈની લીલા ઘનશ્યામે કયા ગામમાં કરી હતી?
(૨) ઘનશ્યામે કોની અંગુઠીની ચોરી કરી હતી?
(૩) ચોરેલી અંગુઠી ઘનશ્યામે કોને આપી?
(૪) ઘનશ્યામને હલવાઈએ વીંટીના બદલામાં શું આપ્યું?
(૫) હલવાઈએ ધર્મપિતાને અંગુઠી કેમ પાછી આપી દીધી


**શા માટે ?**ભગવાન કરે એ લીલા શા માટે કહેવાય છે? ભગવાન જે પણ ક્રિયા કરે એ માત્ર ભક્તોના બોધ અને ભાવનાપૂર્ણ કરવા જ કરે છે.

**પ્રવૃત્તિ :** જુદાં જુદાં પ્રકારની મીઠાઈની યાદી બનાવો.

**વિશેષ :** તમે કરેલા અન્નકૂટ દર્શનમાં જોયેલી મીઠાઈની યાદી બનાવો.

**સત્સંગ સિંચન**

- સ્વામિનારાયણ ભગવાનની જ્ઞાતિ કઈ હતી?
  (૧) પાટીદાર (૨) ક્ષત્રિય (૩) બ્રાહ્મણ (૪) શુદ્ર
- સ્વામિનારાયણ ભગવાનનું બાળપણનું નામ જણાવો
  (૧)કનૈયો (૨)ઘનશ્યામ (૩)લાલો (૪) નારાયણ
- સ્વામિનારાયણ ભગવાનની અટક શું હતી?
  (૧) તરવાડી (૨) પાંડે (૩) શર્મા (૪) ત્રિવેદી
- ઘનશ્યામની યજ્ઞોપવિત જનોઇ વિધી કેટલા વર્ષની ઉંમરે કરી હતી?
  (૧) પાંચ (૨) સાત (૩) આઠ (૪) અગિયાર
- છપૈયામાં ઘનશ્યામના જન્મસ્થળની જગ્યાને કયા નામથી ઓળખવામાં આવે છે?
  (૧) ઘનશ્યામભુવન (૨) જન્મસ્થાનક
  (૩) ધર્મસ્થળ (૪) બાલભુવન



# પુષ્પ - ૮ સગરામના કુબે મહારાજ

લીંમલી નામના ગામમાં સગરામ નામનો વાઘરી રહેતો હતો. સંતોના મળવાથી સગરામભક્ત થયો. સગરામ ક્યારેક ગઢપુર આવે ક્યારેક વડતાલ જઈ અને મહારાજના દર્શન કરી રાજી રાજી થાય. મનમાં એમ થાય કે મહારાજ મારા ઘરે ક્યારે પધારે પણ વળી વિચારે હું જાતનો વાઘરી, રહેવા કુબો અને ગરીબાઈનો પાર નહીં અને ભગવાન તો મોટા મોટાને ઘેર પધરામણી કરતા હોય. હું કહું તો બધા હસે માટે કંઈ પણ કહ્યા વગર ઘરે પાછો ફરે.

એકવાર સગરામ બેઠા બેઠા મહારાજને યાદ કરે અને પોકાર કરે હે મહારાજ મારા કુબે હીંડોળા ખાટ, છપ્પનભોગ, મેવા મીઠાઈ કંઈજ નથી પણ હે મહારાજ એકવાર આવો. ગઢડામાં મહારાજે સગરામનો સાદ સાંભળ્યો. અડધી રાત થઈ મહારાજ ચાદર ફેંકી દીધી અને નીકળી ગયા. સવાર થયું સગરામ પ્રાર્થના કરે. એવામાં અવાજ આવ્યો સગરામ એ સગરામ. જ્યાં સગરામ દોડીને જુએ ત્યાં તો મહારાજ. સગરામ ભગવાનને દંડવત કરી ખૂબ ભાવથી મહારાજને કુબામાં લઈ આવ્યો.



સગરામના ઘરનાએ મહારાજને બેસવા માટે લોટ દળવાની નાની ખાટલી નાખી દીધી. મહારાજ તો તેમના ઉપર બેસી સગરામના બૈરા સાથે વાતો કરવા લાગ્યા. પછી મહારાજ કહે સગરામ આમ મારા મોઢા સામુ જોઈ શું રહ્યો છે. અમને ભૂખ લાગી છે. સગરામના કુબામાં સૂકો રોટલો, સાંજની ખાટી છાશ મહારાજને જમવા માટે આપ્યા. મહારાજ બેઠા-બેઠા જમે અને એવા ખોવાઈ ગયા કે વડતાલ અને ગઢડું પણ ભૂલી ગયા, વાઘરીના બૈરા સાથે વાતો કરતા જાય.

આ બાજુ સવાર થયું એટલે મહારાજને બધા શોધવા લાગ્યા. મુળજી બ્રહ્મચારીનો શ્વાસ અધ્ધર ચડી ગયો. વિચારે કે આ પૂછ્યા વગરના ક્યાં ગયા ? બુમ મારી એટલે ભગુજી અને બીજા બધા દોડી આવ્યા. સૌ એક બીજાને પૂછવા લાગ્યા કે કોઈ કાંઈ બોલ્યું હશે. એવામાં મહારાજના સખા બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર આવી પહોંચ્યા. મુળજી બ્રહ્મચારી કહે બે-ત્રણ દિવસથી ઉંઘમાં પડખું બદલે ત્યારે સગરામ-સગરામ એવું બોલતા હતાં. સુરાખાચર કહે ચાલો ત્યારે બાપ ત્યાંજ પહોંચ્યા હશે. બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર ત્યાં ગયા. હવે તો એક રાત પણ પસાર થઈ ગઈ હતી. બ્રહ્માનંદ સ્વામી કહે આપણે કોઈને પૂછવું નથી સીધા જ ત્યાં જવું છે. એ આવે અને મહારાજને ખબર ન પડે એવું બને ? મહારાજ કહે સગરામ હવે અંદર બેસીએ, થોડે દૂર બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર દેખાણા એટલે મહારાજ કહે જો સગરામ એ બંનેને કહી દે અહીં કોઈ નથી. જરૂર એ મને શોધવા નીકળ્યા છે. ત્યાં તો બંને નજીક આવી ગયા. સગરામ કહે ઓ હો સ્વામી આવો અને દરબાર આવો તમો મારે કૂબે ક્યાંથી હોય. મારા ધન્ય ભાગ્ય હું ધન્ય થયો. બ્રહ્માનંદ સ્વામી કહે હવે રહેવા દે. મહારાજ છે અહીં ? નારે ભાઈ ના મારા વાઘરીના કૂબે મહારાજ ક્યાંથી હોય ! સુરાખાચર કહે સગરામ સાચું બોલ. અરે ! અરે ! તમો જો મહારાજને લાવી આપો તો તમારા પગમાં પડી જાઉં. મારે ઘણા સમયથી લાવવા છે. બ્રહ્માનંદ સ્વામી કહે સાચુ બોલ નહિંતર કંઠીના સમ ખા. લાગે છે મારે તારા ઘરની જડતી લેવી પડશે. સગરામ કહે આવો તો કંઈ વાંધો નથી પણ અમારી વાઘરીના બૈરાના કપડા પડ્યા હોય તમે અડી જાઓ તો તમારે ઉપવાસ પડે. લો, ઉભા રહો હું બધું સરખું કરી આવું પછી તમે અંદર જાઓ. સગરામ અંદર જઈ મહારાજને કહે સ્વામી અંદર આવવાનું કહે છે. મહારાજ કહે તો તો અમારે ભાગવું પડશે. આ બાજુમાં કોનો કૂબો છે ! સગરામ કહે મારા ભાઈનો મહારાજ અંદર કોઠીમાંથી ઉપર ચડી છાજલી ઉંચી કરવા જાય ત્યાં એક મોજડી પડી ગઈ. સગરામ કહે મહારાજ બીજી પણ આપી દો નહીંતર કહીં દઉં. મહારાજ કહે તું બોલીશ નહીં લે આ બીજી મોજડી પણ. સગરામે મહારાજની મોજડી પડાવી લઈ તેના ઘરવાળીની સડેલી સાડીમાં એક ખૂણામાં છૂપાવી દીધી. પછી તો મહારાજ સરકીને તેના ભાઈના કૂબામાં ગયા ત્યાં બૈરા બેઠા હતા. ત્યાં બેસી ગયા. હવે સગરામ બહાર આવી બ્રહ્માનંદ સ્વામીને કહે આવો સ્વામી, અંદર ચાલો. સુરાખાચર કહે અરે સ્વામી મહારાજ અહીં તો નથી. સ્વામી કહે દરબાર મને મહારાજના શ્રી અંગની સુગંધ આવે છે માટે બધું ઉંચકાવો. સગરામક હે અરે સ્વામી આ ડામચીયો છે, આ ઘંટી છે. આમાં મહારાજ ક્યાં સચવાય. પરંતુ તેઓએ સગરામની એક વાત ન સાંભળી અને બધુ જોવા માંડ્યા. ત્યાં ખૂણામાંથી મોજડી નીકળી. સગરામ હાથ જોડી કહે અરે સ્વામી એ તો હું હમણાં વડતાલ આવ્યો હતો ત્યારે મહારાજે પ્રસાદીની આપી છે. જેમ ભરતને રામજીએ પાદુકા આપી હતી તેમ. ત્યારે સ્વામી બોલ્યા આમ ગાભામાં નંખાય ? સગરામ કહે એ મારી ઘરવાળીની સાડી છે અમારે વાઘરીના ઘરે તીજોરી ક્યાંથી હોય ? સ્વામી કહે આ બાજુમાં કોનો કૂબો છે. સ્વામી કહે મારે ત્યાં પણ તપાસ કરવી છે. સગરામ કહે સ્વામી ત્યાં તો બૈરાઓ બેઠા છે. તમારા વર્તમાન ભંગ થશે. સ્વામી કહે તો બૈરાને બહાર કાઢો. બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર બન્ને બહાર ઉભા, સગરામ મહારાજ પાસે જઈ કહે સ્વામી અહીં પણ આવવાનું કહે છે. મહારાજ હવે કેમ કરીશું ?

મહારાજ સગરામના બૈરાને કહે તમારો ચણીયો અને સાડી મને આપો. મહારાજને જરા પણ શરમ ન આવી અને હાથમાં દાતરડું લીધું અને ત્રણ બૈરાઓ માથે ઓઢી બહાર નીકળ્યા. સુરાખાચર કહે આ પહેલું કોણ છે. અરે દરબાર એ તો મારા ભાઈનું ઘરવાળું છે. આ બીજું કોણ છે, એ મારી બુન છે. પિયર આવી છે અને આ ત્રીજુ એતો મારું ઘરવાળું છે. બ્રહ્માનંદ સ્વામી કહે સુરાખાચર આ એની બુન નથી એની ચાલ ઉપરથી ખબર પડે છે કે એ મારો અને તારો બાપ છે. એનો હાથ ઝાલી આ બાજુ ખેંચી લાવ. મહારાજ જાણ્યું હવે પકડાઈ ગયા છીએ એટલે માથું ખુલ્લું કરી જોયું. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજનો હાથ પકડીને કહે મહારાજ તમને શરમ નથી આવતી. આવું મનુષ્ય ચરિત્ર કર્યું. પણ સ્વામી તથા સુરાખાચર કોઈને શંકા ન થઈ અને કવિએ કીર્તન બનાવ્યું. રાતલડી રહોને રાતલડી વ્હાલા પૂછું એક વાતલડી.

**સ્વાધ્યાય**


(૧) ગઢડેથી અડધી રાત્રે મહારાજ કયા ગામ જવા રવાના થયા?
(૨) સગરામ ભક્ત કઈ જ્ઞાતિના હતા ?
(૩) શ્રીજી મહારાજને શોધવા કોણ ગયું ?
(૪) બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને સ્ત્રીના વેશમાં શેનાં પરથી ઓળખી શક્યાં ?
(૫) શ્રીજી મહારાજે સગરામભક્તનાં ઘેર કરેલી લીલા પરથી કયું કીર્તન રચ્યું ?

**શા માટે ?** ભગવાન ભક્તવત્સલ શા માટે કહેવાય છે?
ભગવાન ભક્તોની જાતિ-વર્ણ કે ધન જોયા વગર માત્ર પ્રેમને વશ થાય છે માટે.
**પ્રવૃત્તિ :** શ્રીજી મહારાજે ગરીબ હરિભક્તોની ઈચ્છાઓ પૂરી કરી હોય તેવા પાંચ ચિત્રોની યાદી તૈયાર કરો.
**વિશેષ :** શ્રીજી મહારાજે ગરીબ હરિભક્તોની ઈચ્છા પૂરી કરી હોય તેમાંથી કોઈ એક લીલા ચરિત્ર બાલમંડળમાં કહો.

**સત્સંગ સિંચન**

- ઘનશ્યામની યજ્ઞોપવિત વિધિ કયા ગામે કરી હતી ?
  (૧) અયોધ્યા (૨) છપૈયા (૩) કાશી (૪) પ્રયાગ
- નિલકંઠવર્ણી વનવિચરણ પૂરું કરીને સૌ પ્રથમ કયા ગામમાં આવ્યા ?
  (૧) માંગરોળ (૨) ફરેણી (૩) પીપલાણા (૪) લોજ
- લોજ ગામમાં નિલકંઠવર્ણી સૌ પ્રથમ કોને મળ્યા ?
  (૧) મુક્તાનંદ (૨) સુખાનંદ (૩) બ્રહ્માનંદ (૪) નિજાનંદ
- સુખાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીનો મેળાપ કોની સાથે કરાવ્યો ?
  (૧) નિત્યાનંદ (૨) ગોપાળાનંદ
  (૩) રામાનંદ (૪) મુક્તાનંદ
- નિલકંઠવર્ણી લોજમાં પધાર્યા ત્યારે રામાંદ સ્વામી કયા શહેરમાં હતા ?
  (૧) પિપલાણા (૨) લોજ (૩) ભૂજ (૪) ગઢડાં

# રંગ પૂરો




બાળ દોસ્તો? આ ચિત્ર છે શ્રીજી મહારાજના લીલા ચરિત્રનું તેમાં તમને મનગમતા કલર પૂરી તમારા માતા, પિતા, શિક્ષક કે સ્વામીને બતાવો.

# પુષ્પ - ૯ પ્રેમી ભક્ત જીવીબાઇને રોટલો અને શાક શિખવ્યા

એકવાર શ્રીજી મહારાજ ગઢડામાં અક્ષરભુવનમાં પોઢ્યા હતા. તે જ્યારે જાગ્યા એટલે બ્રહ્મચારી પાણી લાવ્યા અને મહારાજે કોગળા કરી જળપાન કર્યું. પછી મહારાજ કમળશીભાઈને ત્યાં પધાર્યા. ત્યાં આવી મહારાજ બોલ્યા કમળશી આ ધુમાડો શેનો થાય છે ? ત્યારે ઘરમાંથી જીવી બોલી જે એતો ઘેર નથીને હું રસોઈ કરુ છું. ત્યારે મહારાજ જીવીના ઘેર ગયા ત્યારે જીવીએ કહ્યું મહારાજ રોટલો ઘડું છું.  ત્યારે મહારાજ કહે તને શું આવડે ? લાવ હું ઘડું.

ત્યારે જીવી ઉભી થઈ અને મહારાજ ચૂલાને પડખે બેઠા ને કથરોટમાં લોટ લઈને બાંધવા માંડ્યા ને કહ્યું જે બાજરાનો રોટલો આમ કરીએ ત્યારે સારો થાય. પ્રથમ થોડું પાણી લેવું ને લોટ બાંધવો ને પછી પાણીમાં હાથ બોળતા જવું ને લોટ મસળવો. એમ કરતા જ્યારે રોટલો ઘડવા જેવો થાય ત્યાં સુધી મસળવો. પછી પાણીવાળો હાથ કરી ગોળો કરવો. ને ગોળાને બે ચાર થપાટ મારવી ને પહોળો કરવો. પછી પાણીવાળો હાથ કરીને ઘડવા



માંડવો. પછી કોર ઘડવી. પછી ઘડતા ઘડતા વચ્ચે પાતળો થાય ને કોરને વચ્ચે સરખો થાય એટલે તાવડીમાં નાંખવો. પછી થોડો કાચો રાખી ફેરવી નાંખવો અને જ્યારે તળિયું કઠણ થાય ત્યારે તાવડીમાં ઉંધો વાળી દેવો. પછી સારી પેઠે તપે એટલે ઉપર લગારેક ધખવો જેથી ફૂલીને દડા જેવો થાય. પછી ઉતારી જો ઘી હોય તો કોપરી વચ્ચે નાંખવુ. એ રીતે જીવી આગળ લોટ મસળતા મસળતા વાત કરીને મહારાજ રોટલો ઘડવા મંડ્યા ને સરસ મજાનો દડા જેવો રોટલો બનાવી જીવીને કહે જો આવો બાજરાનો રોટલો કરવો.
એમ કહીને મહારાજે કહ્યું આ તપેલીમાં શું છે. ત્યારે જીવીએ કહ્યું જે મહારાજ તમે સવારે વંતાકનું શાક કર્યું ત્યારે વંતાકના ટોપા દિટીયા કાઢી નાંખ્યા હતા તે લાવીને શાક કર્યું છે. ત્યારે મહારાજ કહે વઘાર્યું છે ? ત્યારે જીવી કહે મહારાજ વઘાર્યું છે. ત્યારે મહારાજ કહે તુને શું વઘારતા આવડે ? એમ કહીને કથરોટમાં શાક નાંખ્યુ ને તપેલી ચૂલા ઉપર મેલી તેમાં ઘી નાંખ્યુ. તે થોડુ ઉનું કર્યું એટલે જીરૂ નાંખ્યુ પછી શાક નાંખ્યુ અને છમ લઈને બોલ્યું, ત્યારે મહારાજે ઢાંકી દીધું પછી થોડા સમયે ચૂલા ઉપરથી ઉતારીને મેલી દીધું.

**સ્વાધ્યાય**

(૧) શ્રીજી મહારાજે રોટલા ઘડવાનું ચરિત્ર કોના ઘેર કર્યું ?
(૨) શ્રીજી મહારાજ કમળશીભાઈને ઘેર આવી શું બોલ્યા ?
(૩) જીવીબાઈએ શ્રીજી મહારાજનાં પ્રશ્નનો શું ઉત્તર આપ્યો ?
(૪) શ્રીજી મહારાજે ઘરમાં જઈને રોટલા ઘડતી જીવીબાઈને શું કહ્યું ?
(૫) શ્રીજી મહારાજે જીવીબાઈને શેનું શાક બનાવતા શિખવાડ્યું ?

**શા માટે ?** ભગવાન નાનાં નાનાં ચરિત્રો શા માટે કરે છે ?
એ ચરિત્રો દ્વારા ભક્તોના મનમાં પ્રભુ સ્મૃતિ વધુ દ્રઢ થાય માટે.
**પ્રવૃત્તિ :** જુદાં જુદાં પ્રકારનાં રોટલા અને શાકની યાદી બનાવો.
**વિશેષ :** તમને ભાવતાં શાક અને રોટલાનો થાળ તૈયાર કરીને મંદિરે ભગવાનને ધરાવવો.

**સત્સંગ સિંચન**

- સ્વામિનારાયણ ભગવાને સૌથી પહેલો પત્ર કોને લખ્યો ?
  (૧) રામપ્રતાપભાઈને (૨) મુક્તાનંદ સ્વામીને (૩) રામાનંદ સ્વામીને (૪) દાદા ખાચરને
- સ્વામિનારાયણ ભગવાને સૌથી પહેલો પત્ર કયા ગામેથી લખ્યો ?
  (૧) ભૂજ (૨) લોજ (૩) પીપલાણા (૪) ગઢડા
- નીલકંઠવર્ણીનો પત્ર રામાનંદ સ્વામીને આપવા માટે કોણ ગયું ?
  (૧) ભગુજી (૨) સુખાનંદ સ્વામી (૩) મયારામભટ્ટ (૪) મુક્તાનંદ સ્વામી
- સ્વામિનારાયણ ભગવાનનાં ગુરુનું નામ જણાવો ?
  (૧) મુક્તાનંદ સ્વામી (૨) સુખાનંદ સ્વામી (૩) રામાનંદ સ્વામી (૪) આત્માનંદ સ્વામી
- રામાનંદ સ્વામી અને નિલકંઠવર્ણીનો પ્રથમ મેળાપ કયા ગામમાં થયો ?
  (૧) જેતપુર (૨) ફરેણી (૩) માંગરોળ (૪) પીપલાણા

# પુષ્પ - ૧૦ નાટક   શ્રી બ્રહ્માનંદ સ્વામી

લેખક - પ્રફુલ ખરસાણી



દ્રશ્ય - ૧

પરદો ખૂલતા સ્ટેજ પર વચ્ચે સિંહાસન પર રાજા વિજયસિંહ બેઠા છે. બન્ને બાજુ એક એક સેવક - સિપાહી ઉભા છે અને સિંહાસની બન્ને બાજુ  ખુરશીઓની કતારમાં બીજા પ્રધાનો અને કવિ, વેપારી, કલાકારો વગેરે સભામાં બેઠા છે. પાછળ મહેલના પીલર પરદા વગેરેથી મહેલ જેવુ દ્રશ્ય ઉભુ કરવું

**વિજયસિંહજી :** સોની મહાજન ! આ મહાકવિ લાડુદાનજીની કવિતાના ચમત્કારથી તેમના માટે રાજાના જેવા અતિ સુંદર સોનાના આભૂષણો તેમના માપ પ્રમાણે તત્કાલ બનાવીને લાવો.

**સોની મહાજન :** મહારાજ વિજયસિંરજી ! ભાવનગર નરેશની આજ્ઞા પ્રમાણે મહાકવિના અંગોને સુયોગ્ય આભૂષણો હમણાંજ બનાવીને લાવું છું.

**લાડુદાન :** અરે સોની મહાજન ! આ તમારા કપાળમાં શું દેખાય છે ? શિવ ભક્તોના કપાળમાં ત્રિપુંડ્ર, વૈષ્ણવોના કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ઘણાં જોયા પણ તમારા કપાળમાં કચ્છી રૂપિયા જેવો ચાંદલો સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક દેખાય છે તે કયા ધર્મનું તિલક છે ?

**વિજયસિંહ :** કવિરાજ લાડુદાન ? મારા મનમાં પણ આ જ પ્રશ્ન ક્યારનો થાય છે, તમો સાવધાનીથી સાંભળો.....

ગઢપુર ગામમાં ભગવાનનો નવો અવતાર થયો છે. તેના શિષ્યો કાઠી-ગરાસિયાઓ ગામોમાં રહીને ચોરી અને લૂંટફાટ કરતા હતા. તે છોડીને આવું તિલક કરીને ભગત થયા છે. આ સોની પણ તે નવા ભગવાનનો ભક્ત છે.

**લાડુદાન :** સોની ભગત ! જેને તમે ભગવાન માનો છો તે તમારા ગુરૂ ક્યાં ભગવાન છે ? બુધ્ધ, કલ્કી અથવા તેમનું નામ શું ?

**સોની મહાજન :** મહા કવિરાજ ! તે મારા ગુરૂ અવશ્ય ભગવાન જ છે તેમનું સ્વામિનારાયણ નામ પ્રસિધ્ધ છે, અને સહજાનંદ સ્વામી એવું પણ બીજું નામ છે.

લાડુદાન : સોની મહાજન ? ધન્યવાદ છે ! સ્વામિનારાયણ આવું નામ ક્યાંથી ગોતી કાઢ્યું ? મેં તો પહેલી જ વાર આ નામ સાંભળ્યું.

સોની મહાજન : કવિરાજ આપ તો સમર્થ વિદ્વાન છો.
હું વધારે નથી કહેતો પરંતુ ગુરૂ પાસેથી મેં જે કંઇ સાંભળ્યું છે તે કહું છું. સ્વામિનારાયણ...આ નવું નામ નથી પરંતુ, શાસ્ત્રો પ્રસિધ્ધ છે....જેમકે...ગામનો સ્વામી, નગરનો સ્વામી, તેવી જ રીતે બ્રહ્માંડનો પણ સ્વામી-માલિક કોઇ છે, અને તે તો નારાયણ જ છે. એ રીતે સ્વામી શબ્દ અને નારાયણ શબ્દના યોગથી આ સ્વામિનારાયણ એવું મારા ભગવાનનું નામ નવું છે એમતમો શાથી કહો છો ?

વિજયસિંહ : કવિરાજ ! આ નવા ભગવાનની વાસ્તવિકતાની પરીક્ષા કરવા માટે તમારા વિના બીજો કોઇ સમર્થ નથી. જો તમે સાચી પરીક્ષા કરીને આ કેવળ લોકોને ઠગવા માટે છે એવું પ્રમાણિત કરશો તો હું મારા આ રાજ્યમાંથી સ્વામિનારાયણને તત્કાલ કાઢી મૂકીશ.

લાડુદાન : રાજન ! હું અત્યારે જ ગઢડા જાઉ છું અને આ સ્વામિનારાયણ ધૂર્ત છે કે ભગવાન છે તેની પરીક્ષા કરીને આવું છું.

સોની મહાજન : કવિરાજ જાઓ ! જાવ ! જલદી તમો જાવ ! તે તો ખરેખર ભગવાન જ છે. તેમનો સમાગમ કરીને આપશ્રી જરૂર મને યાદ કરશો કે વૃધ્ધ સોની સાચુ કહેતો હતો.
પરંતુ મીઠાની પોટલી સમુદ્રનો તાગ લઇને ક્યારેય પણ પાછી નથી આવતી તે ન ભૂલતા કવિરાજ !

વિજયસિંહ : સોની મહાજન.....બહુ બકવાસ ન કરો. જો તમે કહો છો તેમ નહીં હોય તો તમારી ખેર નથી, તે જાણજો.

કવિરાજના મામા : ભાણેજ લાડુદાન ! વડોદરાના મહારાજા સયાજીરાવે રાજ્ય કવિ પદે નિમવા આપને આમંત્રણ આપ્યું છે એટલા માટે તમને લેવા માટે હું ગઢડાના રસ્તે તમને મળ્યો છું. તમારા પિતાશ્રી શંભુદાનજીની આજ્ઞાથી તમેં ગઢડાના રસ્તેથી પાછા વળો તે સ્વામિનારાયણ મહા માયાવી છે એવું મારવાડમાં પણ પ્રસિધ્ધ છે. તે તમને જરૂર માયાજાળમાં ફસાવશે.

લાડુદાન : હેં મામાશ્રી ! તેમાં ભયનું કોઈ કારણ જ નથી. કેમકે દેવ જાતિ ચારણને કોઇપણ માયાવી વશ કરી શકે જ નહીં.

મામાશ્રી : ભાણેજ લાડુદાન ! તે સ્વામિનારાયણ ભગવાન છે કે માયાવી છે તે તું નક્કી કેવી રીતે કરીશ ?

લાડુદાન : મામાશ્રી....હું જ્યારે તેમની પાસે જઇશ ત્યારે તેઓ (૧) કાળી કામળીમાં શ્રી ભાગવત રાખીને કથા કરતા હશે (૨) પહેલી જ મુલાકાતે મને માનથી ગુલાબનો હાર પહેરાવે (૩) મારા જન્મથી માંડીને અત્યાર સુધીની બધીજ હકીકત મને કહી સંભળાવે અને (૪) તેમના ચરણમાં રહેલા સોળ ચિહ્નો બતાવે આ ચાર કારણોથી હું તે ભગવાન છે તેમ નક્કી કરીશ આ વિના તે માયાવી છે તેમ માનીશ.

મામાશ્રી : તમારી પરીક્ષા યોગ્ય જ છે.

દ્રશ્ય -૨

પહેલાના દૃશ્ય આગળ ગઢપુરની શેરીના ચિત્ર વાળો પરદો લગાડવો તેની આગળ આ દ્રશ્ય ભજવવું. ગઢપુરના દરબારનું દ્રશ્ય તૈયાર કરવામાં સમય મળે તે માટે સીન થોડો લાંબો ખેંચવો.

લાડુદાન : હે ગઢપુરના નાગરિકો ! આ નગરમાં ભગવાન સ્વામિનારાયણ છે તેવું સાંભળ્યું છે તો તેઓ અત્યારે ક્યાં મળશે ?

નગરજનો : રૂપ અને વેશભૂષો તેમજ આપની સાથેના આ સેવકોને જોતાં આપ મારવાડ દેશનાં કોઈ રાજા હો તેવું જણાય છે.
આપ નિઃસંકોચ પધારો અત્યારે એભલ ખાચરના દરબારગઢમાં ભગવાન સ્વામિનારાયણ વિરાજે છે.

દ્રશ્ય - ૩

એભલ ખાચરના દરબારગઢ માં એક બાજુ ઢોલીયા પર શ્રીજી મહારાજ બિરાજયા હોય તે મૂર્તિ અને આગળ પાર્ષદ ભુગુજી તથા અન્ય સંતો અને હરિભક્તો ની સભા હોય.

પા.ભગુજી : એભલ ખાચર ! ઉભા થાવ...ઉભા થાવ મહારાજની આજ્ઞા છે. આ મહાકવિરાજ લાડુદાનજી અત્યારે ભાવનગરથી તમારા અતિથિ થયા છે. તેમના માટે ઉતારા-પાણી વિગેરેની શ્રેષ્ઠ વ્યવસ્થા કરો.

એભલખાચર : મહારાજશ્રી સહજાનંદ પ્રભુની આજ્ઞાનુસાર રાજોચિત્ત બધી જ વ્યવસ્થા હું તત્કાળ કરું છું. આપ પ્રથમ કવિરાજને ભગવાનના દર્શન માટે લઈ જાવ.

પા.ભગુજી : કવિરાજ લાડુદાનજી ! આપના પધારવાથી શ્રીજી મહારાજ ખૂબ જ પ્રસન્ન થયા છે. લો આ પ્રસાદીનો ગુલાબનો હાર સ્વીકારો અને પ્રભુના સમીપે આ આસને વિરાજો.

લાડુદાન : હે પાર્ષદ ભગુજી ! હું જાણી શકતો નથી કે મારું અતિ ચંચળ મન ભગવાનના દર્શન માત્રથી શાંત કેવી રીતે થયું ?
ખરેખર, મારા અનેક જન્મોના પુણ્યોનો આજે ઉદય થયો છે. પ્રભુના દર્શનથી હું કૃત કૃત્ય થયો છું.

પા.ભગુજી : હે પાર્ષદ રતનજી ! આ કાળી કામ્બળીમાં જે ભાગવત તે અત્યારે યોગ્ય જગ્યાએ પધરાવો. મહારાજ કવિરાજ સાથે વાર્તાલાપ કરે છે.

પા.રતનજી : જેવી આપશ્રીની આજ્ઞા, કાળી કાંબળીમાં વિંટાળેલ ભાગવત હું હમણાંજ યોગ્ય સ્થાને પધરાવું છું.

પા.ભગુજી : કવિરાજ જે બ્રાહ્મણે ખાણ ગામથી તમને રસ્તો બતાવીને ભૂજનગર પહોંચાડ્યા તે બ્રાહ્મણ આપને ફરીથી મળ્યા કે નહીં ?

લાડુદાન : તે બ્રાહ્મણને તો બહુ જ શોધ્યા પણ ક્યાંય મળ્યા નહીં અને તેમના સમાચાર પણ ક્યાંયથી મળ્યા નહીં.

પા.ભગુજી : કવિરાજ ! ભૂજનગરમાં પાઠશાળામાં તમો અભ્યાસ કરતા હતા ત્યારે મારવાડ દેશનો કોઈ વણિક તમારા પિતાશ્રીને મોકલાવેલા રૂપિયા વારંવાર આપી જતા હતા તે તમને યાદ છે ?

લાડુદાન : તે વણિક અને તેમણે આપેલા રૂપિયા અને વચનો તે તે સમયે મને બધુ જ યાદ આવે છે.

પા.ભગુજી : કવિરાજ ભૂજનગરમાં અભ્યાસ પૂરો કર્યા પછી તમારી કાવ્ય-રચનાથી ભૂજના રાજાએ રાજકવિ પદે રહેવાનો આગ્રહ તમોને કર્યો તેમનો તમોએ કેમ અસ્વીકાર કર્યો ?

લાડુદાન : હે ભગુજી ! ત્યારે મારી તીવ્ર ઈચ્છા પોતાના દેશમાં જવાની હતી તેથી મેં ભૂજના રાજાનો આગ્રહ ન સ્વીકાર્યો.

પા.ભગુજી : કવિરાજ, ધમડકા ગામના સીમાડે નદી તટે જે સિધ્ધ પુરૂષ નિલકંઠ બ્રહ્મચારીનો સમાગમ તમને થયો હતો અને તેમણે તમને કહ્યું હતું કે સૌરાષ્ટ્રમાં આપણો, લાંબા સમય સુધી સહવાસ થશે તે યાદ છે ?

લાડુદાન : હા પાર્ષદ ભગુજી ! આ બધું જ મને સારી રીતે યાદ આવે છે.

પા.ભગુજી : કવિરાજ ! તે બ્રાહ્મણ અને પેલા વણિક તેમજ નિલકંઠ બ્રહ્મચારી અહીં વિરાજમાન ભગવાન સ્વામિનારાયણ જ હતા.

લાડુદાન : હે ભગુજી તે બ્રાહ્મણ, પૈસા આપનાર વણિક અને નિલકંઠ બ્રહ્મચારીની મુખાકૃતિ પહેલા મેં જોઈ હતી તેવી અત્યારે કેમ નથી દેખાતી ? માટે મારા સંશયને દૂર કરો.

પા.ભગુજી : કવિરાજ ! હમણાં જ આપનો સંશય દૂર થશે.
જુઓ અત્યારે અને તે તે ભગવાનની આકૃતિને.

લાડુદાન : હે મહા દયાળુ તમારી વાત સાંભળવાથી મહારાજની કૃપાથી સમાધિમાં મને બધું જ પહેલાંના જેવું જ દેખાય છે.

| | |
|---|---|
| પા.ભગુજી : | કવિરાજ ! ભગવાનના પરમ ભક્ત સોની મહાજન પાસેથી પ્રભુનો મહિમા સાંભળીને તમને ભગવાનના દર્શનની તીવ્ર ઇચ્છા થઇ તેમાં ભગવાનની જ પ્રેરણા છે. માટે તમેં સંકલ્પ કરેલ ભગવાનના ચરણમાં સોળ ચિહ્નોના સુખેથી દર્શન કરો. |
| લાડુદાન : | હે પ્રભુ ! સ્વામિનારાયણ, આપના ચરણકમળોમાં વજ્ર, ધ્વજ, અંકુશાદિ સોળ ચિહ્નો ભગવાનપણાના બોધકના દર્શન કરીને હું નિશ્ચય કરી શક્યો છું કે આપ સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમનારાયણ જ છો. તે હું ધન્યતા અનુભવું છું. |

સર્વે સમ્મલિત સ્વરમાં

धन्योडहम् धन्योडहम् धन्या मातापिताचमेधन्यः

धन्यः शुभदिवसोड्यम् धन्योधन्यः पुर्नधन्यः ॥

**સ્વાધ્યાય**

(૧) ભાવનગરનાં રાજાનું નામ જણાવો ?

(૨) લાડુદાનનાં પિતાનું નામ જણાવો ?

(૩) લાડુદાને સોની મહાજનનાં કપાળમાં કયા ચિન્હ જોયા ?

(૪) લાડુદાન સ્વામિનારાયણની પરિક્ષા કરવા નીકળ્યા ત્યારે સોની મહાજને તેને કઇ કહેવત સંભળાવી ?

(૫) બ્રહ્માનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ જણાવો ?

**શા માટે ?** શ્રીજી મહારાજે સંપ્રદાયમાં સંતો શા માટે બનાવ્યા ?

સંતો વડે જ સત્સંગનું પોષણ અને પ્રચાર - પ્રસાર થાય છે માટે.

**પ્રવૃત્તિ :** શ્રીજી મહારાજનાં ચરિત્રનું નાટક તૈયાર કરી બાળમંડળમાં રજૂ કરવું.

**વિશેષ :** ઘનશ્યામનાં બાળચરિત્રનું નાટક બાળમંડળમાં તૈયાર કરાવવું.

**સત્સંગ સિંચન**

- રામાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીને કયા ગામે મહા દીક્ષા આપી ?
  (૧) ફરેણી (૨) પીપલાણા (૩) લોજ (૪) જેતપુર
- સહજાનંદ સ્વામી ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?
  (૧) ૧૮ વર્ષ (૨) ૨૧ વર્ષ (૩) ૧૧ વર્ષ (૪) ૧૯ વર્ષ
- સહજાનંદ સ્વામી ગાદીએ બેઠા ત્યારે રામાનંદ સ્વામી પાસે કેટલાં વરદાન માંગ્યા હતા ?
  (૧) એક (૨) બે (૩) ત્રણ (૪) ચાર
- વડતાલ ગાદીના પ્રથમઆચાર્ય કોણ હતા ?
  (૧) રામપ્રતાપભાઇ (૨) અયોધ્યાપ્રસાદજી મહારાજ
  (૩) રઘુવીરજી મહારાજ (૪) ઇચ્છારામભાઇ
- સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં કુલ કેટલી ગાદી સ્થાપી છે ?
  (૧) એક (૨) બે (૩) ત્રણ (૪) ચાર

# પુષ્પ- ૧૧ ગણેશ

એક વાર કૈલાશમાં ભગવાન શંકર અને માતા પાર્વતી બેઠા હતા. કાર્તિકેય અને ગણેશ ત્યાં આવી ચડ્યા. શંકર પાર્વતીને પોતાના બંને દીકરાઓની કસોટી કરવાનું મન થયું. બંને જણાને પાસે બેસાડીને કહ્યું : તમે બંને પૃથ્વીની પ્રદક્ષિણા કરીને આવો.

કાર્તિકેય તો મનમાં મલકાયા અને સૌથી પહેલાં આવવાનો વિચાર કરીને પોતાના વાહન મોરને લઈને ઝડપભેર ઉપડ્યા.





ગણેશ તો ભારે શરીર અને ઉંદરનું વાહન એટલે કાર્તિકેયની પહેલા તો આવી જ ન શકાય. ગણેશ માતાપિતા પાસે ગયા. શંકર પાર્વતીજીને સાથે બેસાડીને તેમની પૂજા કરી અને પ્રદક્ષિણા કરીને સામે બેઠાં.

શંકર પાર્વતીએ પૂછ્યું બેટા, ગણેશ પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે તું ક્યારે જઈશ ? કાર્તિકેય તો ગયો !

ગણેશ બોલ્યા : હું જઈને આવ્યો.

માતાપિતાને આશ્ચર્ય થયું ?

શંકર પાર્વતી સાથે બોલ્યા : ક્યારે જઈ આવ્યો !

તું તો હજી અહીંયા જ છે.

ગણેશ માતાપિતાને નમન કરીને બોલ્યા, "પુત્ર માટે તો અડસઠ તીર્થ માતાપિતાના ચરણોમાં છે."

મેં આપની પ્રદક્ષિણા કરી એટલે મારે માટે તો સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા થઈ રહી.

ગણેશની આવી બુદ્ધિ ચાતુર્ય અને માબાપ પ્રત્યેની નિષ્ઠા જોઈને શંકર પાર્વતી ખૂબ જ ખુશ થયા.

થોડાં સમય પછી કાર્તિકેય પવન વેગે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછા ફર્યા.

ગણેશને ત્યાંજ બેઠેલા જોઈને પૂછ્યું, કેમગણેશ તું ગયો જ નથી કે શું ?

ગણેશ બોલ્યા : હું તો તમારી પહેલાં પ્રદક્ષિણા કરીને આવી ગયો !

કાર્તિકેયને વાત સમજાતી નથી. જેથી તેમણે માતાપિતાને પૂછ્યું.

શંકર પાર્વતીએ કાર્તિકેયને ગણેશની બુધ્ધિ અને માબાપના મહિમાની વાત સંભળાવી.

શંકર પાર્વતી બોલ્યા : બેટા ગણેશ, આજથી દરેક શુભ કાર્યમાં તારી પૂજા પ્રથમ થશે. સૌ કોઈ દેવપૂજનમાં તારું પૂજન પહેલા કરવામાં આવશે અને જે દીકરાઓ તેમના માતાપિતાની સેવા કરશે તેની પણ તારી જેમ જગતમાં કીર્તિ ફેલાશે અને સુખી થશે.

## સ્વાધ્યાય

(૧) ગણેશ અને કાર્તિકેયના વાહનોનાં નામજણાવો ?
(૨) ગણેશ અને કાર્તિકેયને શંકર પાર્વતીએ શું આજ્ઞા કરી ?
(૩) ગણેશે માતા પિતાની આજ્ઞાનું પાલન કેવી રીતે કર્યું ?
(૪) શંકર પાર્વતીએ ગણેશને કયા આશીર્વાદ આપ્યા ?
(૫) શંકર પાર્વતીએ માતા પિતાની સેવા કરનાર દીકરાઓને કયું વરદાન આપ્યું ?

**શા માટે ?** પુત્રોએ માતા પિતાની સેવા શા માટે કરવી જોઈએ ?
માતા - પિતાની સેવા એ જ પુત્ર માટે સૌથી મોટી ભક્તિ અને પૂજા છે માટે.

**પ્રવૃત્તિ :** બાળમંડળનો દરેક સભ્ય પોતપોતાના માતા પિતાને કેવી રીતે રાજી કરે છે.

**વિશેષ :** બાળમંડળનાં બાળકોનાં વાલીઓને બોલાવીને બાળમંડળનાં બાળકો દ્વારા સન્માન કરવાનાં કાર્યક્રમનું આયોજન કરવું.

## સત્સંગ સિંચન

- શંકરભગવાનના પરિવારના સભ્યોની સંખ્યા જણાવો.
  (૧) બે (૩) ત્રણ (૩) ચાર (૪) પાંચ
- ગુજરાતમાં આવેલાં જ્યોર્તિલિંગનું નામજણાવો ?
  (૧) ભીમનાથ (૨) સોમનાથ
  (૩) ઘેલા સોમનાથ (૪) કોટેશ્વર
- ભગવાન શંકરનું નિવાસસ્થાન જણાવો ?
  (૧) ગિરનાર (૨) હિમાલયની તળેટી
  (૩) કૈલાસ પર્વત (૪) અમરનાથ
- શંકર ભગવાનને શેના દેવ ગણવામાં આવે છે ?
  (૧) સર્જન (૨) પાલન (૩) વિનાશ (૪) નૃત્ય
- શંકર ભગવાનને કેવા ફૂલ ચડાવવામાં આવે છે ?
  (૧) સુગંધીમાન (૨) સુગંધ વગરના
  (૩) તમામ પ્રકારના (૪) કરમાયેલા

# નામ શોધો

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખા | ક્ષે | ષ્કુ | જી | મ | દ | તે | ભ | ખ | સ | ઘ |
| લા | પ્રે | મા | નં | દ | કા | વ્ય | ક્ત | ત | ૮ | ન |
| જો | હ | રિ | લી | લા | મૃ | ત | ચિં | દ | સં | શ્યા |
| નિ | ષ્કુ | ળા | નં | દ | કા | વ્ય | તા | ઘ | ગિ | મ |
| મુ | ચ | મ | થ | ફ | સં | રૈ | મ | વ | જી | લી |
| ક્તા | મ | ક્ત | ૮ | રા | ખા | દે | ણી | ચ | વ | લા |
| નં | વ્ય | દં | સં | ભા | વે | ગા | ભૂ | ના | ન | મૃ |
| દ | ણિ | તા | શિ | ક્ષા | પ | ત્રી | ક્તિ | મૃ | ણા | ત |
| કા | ચં | મ | વ | મા | ક્તિ | યા | પ્ર | ત | ય | સા |
| વ્ય | સ | ૮ | સં | ગિ | ભૂ | ષ | ણ | રે | હા | ગ |
| હ | રિ | વા | ક્ય | સુ | ધા | સિ | ન્ધુ | ટે | મ | ર |

- શિક્ષાપત્રી
- વચનામૃત
- સત્સંગિ જીવન
- સત્સંગિ ભૂષણ
- નિષ્કુળાનંદ કાવ્ય
- યમદંડ
- ભક્તચિંતામણી
- પ્રેમાનંદ કાવ્ય
- મુક્તાનંદ કાવ્ય
- હરિલીલામૃત
- ઘનશ્યામ લીલામૃતસાગર
- હરિવાક્ય સુધાસિન્ધુ

બાળ મિત્રો? શ્રીજી મહારાજે આપણા બધા માટે નંદ સંતો પાસે સાહિત્યની વિવિધ રચના કરાવી છે તે ઉપરના ચોકઠામાં આડી અવળી ગોઠવાયેલી છે તે શોધી અને પીંક (ગુલાબી) કલરની સ્કેચપેન વડે તેની ફરતે ગોળ કુંડાળુ કરો.

# પુષ્પ-૧૨ ધ્રુવ

સતયુગમાં ભારતમાં ઉત્તાનપદ નામે એક રાજા થઈ ગયો. તેને બે રાણીઓ હતી. એકનું નામ સુરુચિ અને બીજીનું નામ સુનીતિ.

સુરુચિ માનીતી રાણી હતી અને સુનીતિ અણમાનીતિ રાણી હતી. સુરુચિના પુત્રનું નામ ઉત્તમ અને સુનીતિના પુત્રનું નામ ધ્રુવ.

એક દિવસ રાજા દરબાર ભરીને બેઠો હતો. રાજકુમાર ઉત્તમ ખોળામાં રમતો હતો. ધ્રુવ ત્યાં આવી પહોંચ્યો. ધ્રુવને પણ રાજાના ખોળામાં બેસવાનું મન થયું. ધ્રુવ રાજાના ખોળામાં બેસવા ગયો એટલે તુરંત જ બાજુમાં બેઠેલી રાણી સુરુચિ બોલી ઉઠી, અણમાનીતિના પુત્રને વળી રાજાનો ખોળો કેવો ?

આવા અપમાન ભર્યા શબ્દો સાંભળીને ધ્રુવને ખૂબજ દુઃખ થયું. તે દોડતો દોડતો પોતાની માતા પાસે ગયો અને રડવા લાગ્યો. સુનીતિએ રડવાનું કારણ પૂછ્યું, ધ્રુવે સભામાં બનેલી ઘટના કહી સંભળાવી.



સુનીતિ બોલી : બેટા ! ભગવાન રાખે તેમ રહેવું, એમાં જ આપણી ભલાઈ છે.
'મા ભગવાન આપણી ઈચ્છા પુરી કરે ખરા ! ધ્રુવે પૂછ્યું.
સુનીતિ બોલી : જરૂર બેટા ! એ તો દયાળું છે ! પરંતુ તેના માટે તપ કરવું પડે. તું તો હજુ બાળક છે. તારાથી તપ ન થઈ શકે.
ધ્રુવ આંસુ લુછીને સ્વસ્થ બન્યો. માતાના આંસુ લૂછતા બોલ્યો : મા, હું જરૂર તપ કરીશ. મને વનમાં જવાની આજ્ઞા આપો. સુનીતિએ ઘણો સમજાવ્યો પણ એમ માને તો એ ધ્રુવ શેનો ? છેવટે માતાએ ધ્રુવને છાતીએ લગાડીને ભારે હૈયે વનમાં જવાની રજા આપી.
માતાને પ્રણામ કરીને ધ્રુવે વનની વાટ પકડી. રસ્તામાં નારદજી મળ્યા.
નારદજી બોલ્યા : આટલી નાની ઉંમરમાં આ ઘોર વનમાં તું ક્યાં જાય છે ?
ધ્રુવે પોતાની આપવીતી કહી સંભળાવી. નારદજી ખુશ થઈને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' નામનો ગુરૂમંત્ર આપ્યો. આશીર્વાદ આપીને આ મંત્રના જાપ કરવા કહ્યું.
ધ્રુવે એક પગે ઉભા રહીને ઘોર તપ શરૂ કર્યું. જોતજોતામાં છ માસ વીતી ગયા.
આવા માસુમઅને નિર્દોષ બાળકની ભક્તિ જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા.
માથે હાથ મૂકીને બોલ્યા : માંગ માંગ બેટા, જે માંગે તે આપું.
ધ્રુવ બોલ્યો : પ્રભુ ! મારી માતાનું મેણું દૂર કરો. તથાસ્તુ ! શ્રીહરિ રાજી થઈને બોલ્યા.
તું ઘેર જા, સૌ કોઈ તારી રાહ જુએ છે, આજથી તારી માતાનું મેણું દૂર થશે અને તને અવિચળ રાજની પ્રાપ્તિ થશે.
ધન્ય છે ! આવા બાળભક્ત ધ્રુવને.



**સ્વાધ્યાય**

● જોડકાં ગોઠવો

| અ | બ |
|---|---|
| સુનીતિ | ગુરૂમંત્ર |
| સુરુચિ | તપ |
| ધ્રુવ | અણમાનીતી |
| નારદજી | માનીતિ |

**શા માટે ?** તપ શા માટે કરવું જોઈએ ?


તપથી મનને વશ કરવામાં સફળતા મળે છે માટે.

**પ્રવૃત્તિ :** ભગવાનને પ્રસન્ન કરવા માટે કઠિન તપ કર્યું હોય તેવા પાંચ તપસ્વીઓનાં નામજણાવો ?

**વિશેષ :** તપ કયા કયા પ્રકારે કરી શકાય તેની વિગત જણાવો.

**સત્સંગ સિંચન**

- આકાશમાં ધ્રુવનો તારો કઈ દિશામાં ઉગે છે ?
  (૧) ઉત્તર (૨) દક્ષિણ (૩) પૂર્વ (૪) પશ્ચિમ
- ધ્રુવના તારાની વિશેષતા જણાવો ?
  (૧) તેનું સ્થાન અચળ હોય છે.
  (૨) દક્ષિણ તરફ ખસે છે.
  (૩) માત્ર ઉનાળામાં જ દેખાય છે.
  (૪) દિવસે પણ દેખાય છે.
- ધ્રુવ કયા યુગમાં થઈ ગયો ?
  (૧) કળિયુગ (૨) દ્વાપર યુગ (૩) સતયુગ (૪) ત્રેતાયુગ
- ભક્તધ્રુવને ભગવાને કયા સ્વરૂપે દર્શન આપ્યા ?
  (૧) રામચંદ્રજી (૨) શ્રીકૃષ્ણ
  (૩) શ્રીહરિ (૪) નરસિંહ
- ધ્રુવ શેના માટે ખ્યાતિ પામ્યો ?
  (૧) દાન (૨) તપ (૩) વ્રત (૪) ધર્મ



# નામ શોધો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લા | વ | લા | હા | સિ | ટ | ઝી | ણા | ભા | ઇ |
| ધ | ઘી | ડુ | ચં | વ | ત્ત | યા | પ્ર | ણિ | હ |
| જી | વુ | બા | દે | જો | પ્ર | બ | ચં | કા | મા |
| દે | કા | ચં | ભ | બ | યા | તા | ણિ | લિ | દા |
| વ | શ | ઝ | મ | ન | પ્ર | ખ | ચં | દ | દા |
| ણિ | ખ | મ | પ્ર | પ | વ | ક્તિ | સુ | ત્ત | ખા |
| વ | ચં | કુ | યા | ગી | નુ | ચં | રા | ખ | ચ |
| ગં | ગા | બા | શ | એ | ભ | લ | ખા | ચ | ર |
| મા | ચં | ઇ | વ | મા | ક્તિ | મા | ચ | શ | નુ |
| મ | અ | ભ | વે | ન | રા | ણિ | ર | યા | ક્તિ |

– દાદાખાચર
– જોબન પગી
– જીવુબા
– લાડુબા
– એભલ ખાચર

– લાધીબા
– ગંગાબા
– સુરા ખાચર
– ઝમકુબાઇ
– ઝીણાભાઈ

બાળ દોસ્તો? ઉપરના ચોકઠામાંથી શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે જોડાયેલાં કેટલાંક શુરવીર હરિભક્તોનાં નામ છે. તે તમે શોધી અને વાદળી સ્કેચપેનથી નામ ફરતે ગોળ કરો.

# પુષ્પ - ૧૩ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર

એકવાર અયોધ્યા નગરીના રાજા હરિશ્ચંદ્ર જંગલમાં શિકાર કરવા નીકળ્યા. રસ્તામાં વિશ્વામિત્રનો આશ્રમ આવ્યો. રાજા આશ્રમમાં ગયા. મહર્ષિ વિશ્વામિત્રને વંદન કરીને બોલ્યા : ગુરૂદેવ, કંઈ વસ્તુની જરૂર હોય તો માંગજો.

મહર્ષિને સત્યવાદી હરિશ્ચંદ્રની કસોટી કરવાનું મન થયું. રાજા બોલ્યા : મહર્ષિ જે જોઈએ તે વિના સંકોચે માંગજો તમને અવશ્ય મળશે. તક જોઈને મહર્ષિએ કહ્યું, જો રાજન, તારે આપવું જ હોય તો તારું સમગ્ર રાજ્ય મને આપી દે.

રાજાએ ક્ષણવારનો પણ વિલંબ કર્યા વિના રાજ્ય અર્પણ કરી દીધું.

રાજા અને મહર્ષિ અયોધ્યા નગરીમાં આવે છે. બધાને હકીકત સમજાવે છે. રાજા હરિશ્ચંદ્ર પોતાની પત્ની તારામતી અને પુત્રને લઈને મહર્ષિ પાસેથી રાજ્ય છોડવાની રજા માંગે છે. મહર્ષિ બોલ્યા : રાજન, દાન આપ્યા પછી દક્ષિણા ન મળે તો દાનનું ફળ મળતું નથી. રાજા બોલ્યા : હે ગુરૂદેવ ! હું તમને દાનમાં સવાશેર સોનું આપું છું.



મહર્ષિ બોલ્યા : હવે રાજ્યની બધી જ માલમિલકત મારી ગણાય તો તું મને સવાશેર સોનું ક્યાંથી આપીશ ? તમારે તો પહેરેલા વસ્ત્ર સિવાય કાંઈ લેવાશે નહિ.

રાજા ચિંતાતુર થયા. પત્ની તારામતી બોલી : પતિદેવ, મુંઝાશો નહિ. તમારી સત્યની ટેક પાળવા માટે મને કાશીની બજારમાં વેંચીને મહર્ષિને દક્ષિણા ચૂકવી દો.

વિશ્વામિત્ર રાજા હરિશ્ચંદ્ર, તેની પત્ની તારામતિ અને પુત્ર રોહિતને કાશીની બજારમાં વેંચવા બેસે છે. સાંજના સમયે એક વૃધ્ધ બ્રાહ્મણ આવે છે. અડધા શેર સોનામાં તારામતિને ખરીદે છે જેથી પુત્ર રોહિત માતા વગર રડવા લાગે છે. બ્રાહ્મણને દયા આવી. રોહિતને પા શેર સોનામાં ખરીદી લીધો.

રાત્રીનો સમય થવા આવ્યો છે એવામાં સ્મશાનનો માલિક એવો એક ચાંડાળ ત્યાં ચડી આવ્યો છે. અડધા શેર સોનામાં હરિશ્ચંદ્રને ખરીદે છે.

વિશ્વામિત્ર સવાશેર સોનું લઈને અયોધ્યા જાય છે. ત્રણેય જણાં અહિંયા દુઃખના દિવસો કાઢે છે. તેવામાં રોહિતને બગીચામાં ફુલ વિણતા સાપ કરડ્યો અને તુરંત મૃત્યુ પામ્યો.

ઘનઘોર રાત્રી અને ધોધમાર વરસાદમાં તારામતિ પુત્ર રોહિતને લઈને સ્મશાનમાં જાય છે. સ્મશાનમાં હરિશ્ચંદ્ર ચાંડાળ માટે કર લેવાનું કામ કરે છે. મૃત પુત્રના શબ પાસે કલ્પાંત કરતી માતા પાસે હરિશ્ચંદ્ર કર માગે છે. તારામતી બોલી : હું તો દાસી છું મારી પાસે ધન ક્યાંથી હોય ?

હરિશ્ચંદ્ર અને તારામતિ એકબીજાને ઓળખી જાય છે અને વિતક સંભળાવે છે.

હું મારા માલિક માટે કર ઉઘરાવું છું. હું માલિક સાથે વિશ્વાસઘાત કરી શકું નહીં, હરિશ્ચંદ્ર બોલ્યા.



છેવટે, તારામતિ કરના બદલામાં પોતાની પાસેનું વસ્ત્ર આપે છે.

હરિશ્ચંદ્ર ચિતા ખડકે છે અને રોહિતને તેમાં સૂવડાવે છે. ભારે હૈયે અગ્નિ લગાડવા જાય છે તેવામાં પાછળથી અવાજ સંભળાય છે, રાજન્ ઉભો રહે. તારી કસોટી પૂરી થાય છે. વિશ્વામિત્ર હાજર થયા. વિશ્વામિત્રે રોહિતને સજીવન કર્યો. વિશ્વામિત્ર બોલ્યા : રાજા હરિશ્ચંદ્ર આજથી હું તારું રાજ્ય પાછું આપું છું અને યુગો સુધી તમારી સત્યવાદીની ટેક જાળવવાની આ ગાથા લોકોમાં ગવાશે, તું જીત્યો અને હું હાર્યો ! ધન્ય છે ભારતવર્ષના રાજા હરિશ્ચંદ્રને.

**સ્વાધ્યાય**

- નીચે આપેલાં વાક્યમાં કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
  - (૧) હરિશ્ચંદ્ર-------------નગરનાં રાજા હતાં.
    (ગોકુળ, મથુરા, અયોધ્યા)
- હરિશ્ચંદ્ર તેની પત્ની અને પુત્ર --------------શહેરનાં બજારમાં વેંચાયા હતા.
  (અયોધ્યા, કાશી, પ્રયાગ)
- રોહિતનું મૃત્યું ------------ કરડવાથી થયું હતું.
  (વીંછી, સાપ, અજગર)
- તારામતી હરિશ્ચંદ્રને કરના બદલામાં ---------- આપે છે.
  (સોનું, વસ્ત્ર, ફૂલ)
- રોહિતને ------------- એ સજીવન કર્યો.
  (વિશ્વામિત્ર, વિશ્નુભગવાન, બ્રાહ્મણ)

**શા માટે ?**

- માણસને ધર્મના માર્ગે ચાલવા છતાં દુઃખ શા માટે આવે છે ?

ધર્મના માર્ગે ચાલવા છતા આવતા દુઃખ એ આપણે દ્રઢતાની કસોટી છે માટે.

**પ્રવૃત્તિ :** પોતાના વચનની ટેક નિભાવવા માટે જે સત્ પુરૂષોએ દુઃખ સહન કર્યા હોય તેના નામની યાદી બનાવો.

**વિશેષ :** ઉપરોક્ત યાદીમાંથી કોઈ એકની વાર્તા કહો.

**સત્સંગ સિંચન**

- ધર્મકુળ એટલે શું ?
  (૧) ધર્મપાળનારનું કુળ (૨) ધર્મદેવનું કુળ
  (૩) સાધુનું કુળ (૪) સ્વા. મંદિરના મહંતનું કુળ
- સ્વામિનારાયણ ભગવાનના કયા અવતારો ધ્યાન કરવા યોગ્ય છે ?
  (૧) રામકૃષ્ણાદિક (૨) બ્રહ્મવેતા સાધુ
  (૩) દેવતા (૪) અક્ષરના મુક્તો
- કેવો ભક્ત ભગવાનના અક્ષર ધામને પામે છે ?
  (૧) સાધુને આશ્રિત (૨) ધર્મકુળને આશ્રિત
  (૩) મહંતને આશ્રિત (૪) ગુરુને આશ્રિત
- સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોએ કોની પાસેથી ગુરૂમંત્ર લેવો ?
  (૧) સાંખ્ય બહેનો (૨) સાધુ
  (૩) આચાર્ય મહારાજશ્રી (૪) પૂ.ગાદીવાળાશ્રી
- ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામજણાવો ?
  (૧) ગોપાળ (૨) વેણી (૩) માધવ (૪) ખુશાલ

# સ્વચ્છતા અભિયાન




ગુજરાતીમાં એક કહેવત છે કે “સ્વચ્છતા ત્યાં પ્રભુતા” કહેતા જ્યાં સ્વચ્છતા હોય ત્યાં જ ભગવાનનો વાસ થાય છે સ્વચ્છતા આપણને સૌને ગમે છે. પરંતુ એ સ્વચ્છતા આપણે આપણા શરીરથી આરંભી ઘર સુધી ને ઘરથી ગામ - રાજ્ય દેશ સુધી થાય એ જરૂરી છે. ચાલો આપણે સૌ સાથે મળી આપણા અંતરને તથા આપણી આજુ બાજુના વિસ્તારને સ્વચ્છ બનાવીએ.

**પ્રવૃત્તિ**

આજુ બાજુના વિસ્તાર - સોસાયટીમાં સ્વચ્છતા અભિયાન રેલી કરવી.

સૌ સાથે મળી જાતે શ્રમયજ્ઞ કરી સ્વચ્છતા કરી અન્યને સ્વચ્છતા રાખવા પ્રેરવા.



# અનાથાશ્રમ અને વૃધ્ધાશ્રમની મુલાકાત





આજના સાંપ્રત યુગમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલા અને પ્રભુ જ જેમનો એક માત્ર નાથ છે એવા બાળકો તથા કેટલાક અભાગીયા સંતાનોએ જેમને તરછોડી દીધા છે એવા વડીલોનું આશ્રય સ્થાન એટલે અનાથાશ્રમ - વૃધ્ધાશ્રમ આ બાળકો વડીલોએ અન્ન વસ્ત્ર કે પૈસા કરતા લાગણી - હુંફ અને પ્રેમના ભુખ્યા વધુ હોય છે. આપની આસપાસના વિસ્તારમાં આવા પવિત્ર તીર્થરૂપ સ્થાનોમાં જઈ ત્યાં રહેલા બાળકો-વડીલો સાથે જો થોડો સમય વ્યતીત કરીશું તો જરૂર આપણને પરમાત્માના સાનિધ્યની અનુભૂતિ થશે જ.

**પ્રવૃત્તિ**

આપની નજીકમાં આવેલા વૃધ્ધાશ્રમ - અનાથાશ્રમમાં સર્વે બાળમંડળના બાળકોને લઈ જશો ને ત્યાં શક્ય આર્થિક મદદ કરી બાળકોને તેમના પ્રત્યે આદર - માન- પ્રેમ વધે તેવી વાત શીખવશો.

